# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૦૦ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૩૯૧૭૭૭૭ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.com Website : www.sgcci.com


---

રેફ નં. તા: ૦૯–૦૮– ૨૦૧૦

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.
લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

## સંકલ્પ વિના સશકિતકરણ શકય નથી:સ્વામી સુખબોધાનંદજી

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા દિવ્ય ભાસ્કરના સંકત ઉપક્રમે એક પ્રેરણાત્મક વાર્તાલાપનું આયોજન શનિવાર,તા.૦૭/૦૮/૧૦ના રોજ સાંજે ૦૬.૩૦ કલાકે દ્વારકા હોલ,અગ્રસેન ભવન,સીટી લાઈટમા કરવામાં આવ્યું હતું.'વિઝન એન્ડ એમ્પાવરમેન્ટ' વિશેના આ કાર્યક્રમમાં મુખ્ય વકતા તરીકે જાણીતા મેનેજમેન્ટ અને સ્પિરીચ્યુઅલ ગુરૂ સ્વામીશ્રી સુખબોધાનંદજીએ પ્રેરણાત્મક વકતવ્ય રજૂ કર્યુ હતું.

કાર્યક્રમના આરંભમાં ચેમ્બરના ઉપ પ્રમુખ રોહિત મહેતાએ સ્વામીજીનું તથા આમંત્રિતોનું સ્વાગત કર્યું હતું અને સ્વામીજીનો પરિચય તથા તેમના પ્રસ્ન્ના ટ્રસ્ટની કામગીરી વિશે જાણકારી આપી હતી.ત્યારબાદ મંચસ્થ મહાનુભાવોના વરદ હસ્તે દિપ પ્રાગટય થયું હતું.

સ્વામીશ્રી સુખબોધાનંદજીએ મનની પ્રચંડ શકિત અને મનની ચંચળતાથી ઉદભવતા અનેકવિધ પ્રશ્નો અને તેના નિરાકરણ વિશે ઉદાહરણ સહિત સમજ આપી હતી. તેમણે કહયું હતુ કે,મન હંમેશા

ભૂતકાળ અને ભવિષ્યકાળમાં વિચરતું રહે છે,તે વર્તમાનથી અલિપ્ત રહે છે એટલે જ બધી સમસ્યા ઉભી થાય છે.તેમણે જ્ઞાનની ઉપયોગિતા સમજાવતાં કહયું હતું કે,જે જ્ઞાન અજ્ઞાનનો નાશ કરવાને બદલે એને ઢાંકે છે એ સાચું જ્ઞાન નથી.તેમણે વિઝન એટલે કે દ્રષ્ટિ સાથે શકિત,વેગ,કૌશલ્ય અને વ્યુહરચનાનો સમન્વય સાધવાની તેમજ એનાથી થનારા સશકિતકરણ વિશે પણ વિસ્તૃત સમજ આપી હતી.

તેમણે કહયું હતું કે,સુરક્ષા,અસુરક્ષા,સંપર્ક,આંતરિક મુકિત,યોગદાન,સંતૃપ્તિ,સમાંતર વિકાસ અને એની સાથે જ સુફલતા જેવા આઠ ગુણો સાધનારાને જ કૃપાનો નવમો ગુણ પ્રાપ્ત થઈ શકે છે.અજ્ઞાન અને મોહને કારણે મનના દરવાજા બંધ થઈ જાય છે અને એટલે જ કૃપા મન સુધી પહોંચતી નથી.સંકલ્પ વિના શકિત મળી શકતી નથી.એ રીતે જ શ્રધ્ધા વિના જ્ઞાન પ્રાપ્ત થઈ શકતું નથી.દિલ અને દિમાગ વચ્ચે સંતુલન જરૂરી છે.મન જો ખુશ હશે તો જ સુખની અનુભૂતિ થઈ શકે એટલે મન સાથે દોસ્તી કરવાની જરૂર છે.જો એમ કરી શકશો તો તમારી મોટાભાગની સમસ્યાઓનો ઉકેલ આપોઆપ મળી જશે.

# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૦૦ પ્રમાણિત સંસ્થા),
"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૩૯૧૭૭૭૭ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦
E-mail : info@sgcci.com Website : www.sgcci.com

---

રેફ નં. તા: ૦૫–૦૮ – ૨૦૧૦

તંત્રીશ્રી, ______________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.
લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

## આજનો કાર્યક્રમ

## 'ચેલેન્જીસ એન્ડ ઓપોર્ચ્યુનિટિસ ઓફ ટવેન્ટી ફ
વિશે ચેમ્બરમાં રસપ્રદ વાર્તાલાપ યો

સુરત: ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપક્રમે એક રસપ્રદ વાર્તાલાપનું આયો
સમૃધ્ધિ,નાનપુરામાં કરવામાં આવ્યું છે. 'ચેલેન્જીસ એન્ડ ઓપોર્ચ્યુનિટિસ ઓફ ટવેન્ટી ફર્સ્ટ સેન્ચ્યૂરી' વિશેન
નેશનલ કો ઓર્ડિનેટર અને સેક્રેટરી જનરલ સ્વામીશ્રી પરમાત્માનંદ સરસ્વતીજી પ્રેરણાત્મક વકતવ્ય રજૂ કર
આ કાર્યક્રમનો લાભ લેવા ચેમ્બર પ્રમુખ ડો. અજોય ભટ્ટાચાર્યએ ખાસ અનુરોધ કર્યો છે.